Letter No: WCDD/0284/04/2023 Dt: 27-04-2023

નામ.ગુજરાત હાઈકોટના ચુકાદાને આધિન મુખ્ય સેવિકાને પાત્રતા તારીખથી દ્રિતીય ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક: **ICD/12/2020/254704/B**

સચિવાલય, ગાંધીનગર.

<u>વંચાણે લીધા :</u>

1. નામ. ગુજરાત હાઈકોર્ટના **MCA/352/2023 in SCA/5011/2022**ના કેસમાં આપેલ તા.૦૩/૧૦/૨૦૨૨ના રોજનું ઓરલ જજમેન્ટ.
2. નિયામકશ્રી આઈસીડીએસ કચેરી ખાતે મળેલ દ્રિતીય ઉપધો મંજુરી મળેલ સમિતીની કાર્યવાહી નોંધ.

<u>//હુકમ//</u>

વંચાણે લીધા (૧) પરના નામ. ગુજરાત હાઈકોર્ટના ઓરલ જજમેન્ટથી નીચેના કોષ્ટક મુજબના કુલ:૦૧ પીટીશનરને તેઓની પાત્રતા તારીખથી દ્રિતીય ઉચ્ચતર પગાર ધોરણ છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ-પે:૫૪૦૦ના પગારધોરણમાં આપવા નિર્દેશ કરેલ છે. વંચાણે લીધા (૨) થી નીચે મુજબના કુલ:૦૧ મુખ્યસેવિકાને પાત્રતાની તારીખથી દ્રિતીય ઉ.પ.ધો. મંજુર કરેલ છે.નામ. ગુજરાત હાઈકોર્ટની અવમાનના ન થાય એ માટે નીચે મુજબના કુલ:૦૧ પીટીશનરને ચુકાદા અનુસાર દ્રિતીય ઉચ્ચતર પગારધોરણ આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની વિગતોએ તત્કાલીન મુખ્યસેવિકાનું દ્રીતીય ઉચ્ચતર પગાર મંજૂર કરવામાં આવે છે:

૨/ - નીચે મુજબના કુલ:૦૧ પીટીશનરને મુખ્યસેવિકાની સેવામાં પાત્રતા તારીખથી દ્રીતીય ઉચ્ચતર પગારધોરણછઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ-પે:૫૪૦૦ના પગારધોરણમાં નીચેની વિગતો અનુસાર મંજૂર કરવામાં આવે છે આ મંજૂરી વિભાગ દ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટના **MCA/352/2023 in SCA/5011/2022**ના કેસમાં આપેલ તા.૦૩/૧૦/૨૦૨૨ના ચુકાદા સામે વિભાગ દ્વારા દાખલ થનાર અપીલના આખરી ચુકાદાને આધીન રહેશે.

| ક્રમ | મુખ્ય સેવિકા/ સીડીપીઓનું નામ | મુળ નિમણૂકની તારીખ | પ્રથમ ઉપધોની પાત્રતા તારીખ | મળવાપાત્ર દ્રિતીય ઉપધોની પાત્રતા તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૭ | ૮ |
| ૦૧ | સુશ્રી વર્ષાબેન પી. ત્રીવેદી | ૦૯-૧૨-૮૬ | ૨૧-૧૨-૯૫ | ૨૧-૧૨-૧૦ | આમુખ-૨ |

૩/- ઉક્ત કર્મચારીનું પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ નીચેની શરતો અનુસાર મંજુર કરવામાં આવે છે:

1. દ્રિતીય ઉ.પ.ધો.ની પાત્રતાની તારીખથી છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ-પે:૫૪૦૦ના પગારધોરણમાં દ્રિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવામાં આવે છે.
2. આ મંજૂરી નામ. ગુજરાત હાઈકોર્ટના **MCA/352/2023 in SCA/5011/2022**ના કેસમાં આપેલ તા.૦૩/૧૦/૨૦૨૨ના ચુકાદાની સામે વિભાગ દ્વારા દાખલ થનાર અપીલના આખરી ચુકાદાને આધીન રહેશે.
3. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ-૧૧(૧) મુજબ ઉચ્ચત્તર પગાર બાંધણી કરવાની રહેશે.
4. નાણા વિભાગના તા.૦૫/૦૭/૧૯૯૧ તથા તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઇ મુજબના જરૂરી બાંહેધરી પત્રકો મેળવી લેવાના રહેશે. આ પગાર બાંધણી ઓડિટ ચકાસણીને આધીન રહેશે.

૪/- વડી કચેરીએ તેમજ સંબંધિત જિલ્લા કચેરીએનામ. ગુજરાત હાઈકોર્ટના **MCA/352/2023 in SCA/5011/2022**ના કેસમાં આપેલ ચુકાદા અનુસાર આનુષાંગિક લાભો નિયત સમયમર્યાદામાં પુરા પાડવા આગળની કાર્યવાહી કરવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૪/૦૪/૨૦૨૩ની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(જે. આઈ. લેઉવા)

ઉપસચિવ

Signature Not Verified
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.04.27
17:06:48 +05:30

File No: ICD/12/2020/254704/B
Approved By: K K Nirala(Secretary,WCDD)

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

1. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.સુરેંદ્રનગર.
4. મુખ્ય સરકારી વકીલશ્રીની કચેરી, નામ.ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
5. સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ. સુરેંદ્રનગર.
6. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, ૧૭-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
7. સબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.સુરેંદ્રનગર.
8. સબંધિત મુખ્યસેવિકા/સીડીપીઓ (મારફત પ્રોગ્રામ અધિકારીશ્રી, ...........)
9. શાખા સિલેક્ટ ફાઇલ.